૮

<u>નવી બાબત ૨૦૨૦-૨૧</u>
વિચરતી-વિમુક્ત જાતિના મેડીકલ અને એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભોજનબીલ રાહત આપવા બાબત
રૂ.30.00 લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ વવજ/૧૦૨૦૧૯/૬૫૩૭૬૮/ન.બા.-૩૬/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮/૦૭/૨૦૨૦

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૮/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/ન.બા. ૨૦૨૦-૨૧/૨૦૧૯-૨૦/૪૦૬૩

<u>આમુખઃ-</u>

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો, આર્થિક પછાત વર્ગોના યુનિવર્સિટી/ કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહીને મેડીકલ અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભોજન બિલ રાહત આપવામાં આવે છે. જ્યારે વિચરતી-વિમુક્ત જાતિના મેડીકલ અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આવી ભોજન સહાય માટે કોઇ યોજના અમલમાં નથી. સરકારશ્રીની હાલની શૈક્ષણિક વિકાસની નીતિના કારણે વિચરતી-વિમુક્ત જાતિઓમાં પણ દિન-પ્રતિદિન શિક્ષણનું પ્રમાણ વધતું જાય છે. જેના કારણે આજની સ્થિતિએ વિચરતી-વિમુક્ત જાતિના મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ મેડીકલ અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા થઇ ગયા છે. જેના કારણે આ જાતિના વિદ્યાર્થીઓને પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના મેડીકલ અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી ભોજન બિલ રાહતના ધોરણે વિચરતી-વિમુક્ત જાતિના મેડીકલ અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ ભોજન બિલ યોજનાનો લાભ આપવો જરૂરી છે. જેથી સરકારશ્રીનો પછાત વર્ગોના શૈક્ષણિક વિકાસનો ધ્યેય સિદ્ધ થઇ શકે. આથી વિચરતી-વિમુક્ત

(P.T.O.)

જાતિના યુનિવર્સિટી/ કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહીને મેડીકલ અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા ૨૦૦ વિદ્યાર્થીઓને માસિક રૂ.૧૫૦૦/- દસ (૧૦) માસ સુધી આપવા માટે રૂ.૩૦.૦૦ લાખની નવી બાબત માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે વિચરતી-વિમુક્ત જાતિના યુનિવર્સિટી/ કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહીને મેડીકલ અને એન્જીનિયરીંગમાં અભ્યાસ કરતા ૨૦૦ વિદ્યાર્થીઓને માસિક રૂ.૧૫૦૦/- દસ (૧૦) માસ સુધી આપવા માટે રૂ.૩૦.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રીસ લાખ પૂરા)ની નવી બાબતની વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ..ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજના અન્વયે મંજૂર થયેલ મહેકમ વધુ સમય માટે ચાલુ રાખવા અંગે અલગથી દરખાસ્ત રજૂ કરી મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) નાણાં વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના કરકસરને લગતા ઠરાવનું પાલન થાય તે જોવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માંગણી નંબર: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫-અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ, અન્ય પછાતવર્ગનું કલ્યાણ અને લઘુમતી કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦-સામાન્ય, ગૌણ સદર: ૧૦૧-વિચરતી-વિમુક્ત જાતિનું કલ્યાણ, પેટા સદર: (૦૫) વિચરતી-વિમુક્ત જાતિના પોસ્ટ એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દીપલ હડીયલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(P.T.O.)

(૪) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૮) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૧) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૨) સેક્શન અધિકારીશ્રી(બ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૩) સિલેકટ ફાઇલ